ગાંધીનગર સમાચાર

વાયબ્રન્ટ બાદ ગંદકી અને દબાણો યથાવત

# શહેરના માર્ગો પર આડેધડ બેરીકેટસથી હાલાકી

## અટવાતા વાહનચાલકો : ટ્રાફીક પોલીસ બેરીકેટસ પાછા સુરક્ષીત સ્થળે મુકે તો ફરી ઉપયોગમાં લઈ શકાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં વાઈબ્રન્ટ સમિટની ઝગમગાટ અને ચકાચોંદ ખતમ થઈ ગઈ છે. આખું સરકારી તંત્ર વાઈબ્રન્ટનો થાક ઓગાળી ઉત્તરાયણની મજા માણી ફરી કામે લાગી ગયું છે ત્યારે વાઈબ્રન્ટ સમિટને લઈ જાહેર માર્ગો પર મુકવામાં આવેલ બેરીકેટસ હજુ પણ માર્ગની વચ્ચોવચ આડેધડ પડયા છે. પરીણામે વાહનચાલકોને હજુ ટ્રાફિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ટ્રાફિક પોલીસે વાઈબ્રન્ટ પહેલા ઠેર ઠેર નવા નક્કોર બેરીકેટસ માર્ગો પર મુકી દીધા હતા પરંતુ હવે પાછા લેવાનું કદાચ ભૂલી ગઈ છે. પોલીસ હવે બેરીકેટસ પાછા લઈ સુરક્ષિત સ્થળે મુકી દે તો બીજીવાર ઉપયોગમાં લઈ શકાય તેવી આશા રાખીએ...

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરમાં વાઈબ્રન્ટ ઉત્સવ પુરો થતા જ શહેરની તાસીર પાછી તેની મૂળ સ્થિતિમાં આવી ગઈ છે. વાઈબ્રન્ટની રોશની અને ઝગમગાટ બંધ થઈ ગયો છે. છેલ્લા ૧૦ દિવસથી લોકોની અવરજવરથી ધબકતું શહેર પાછુ શાંત થઈ ગયું છે. વીવીઆઈપીના કાફલાથી સતત વ્યસ્ત બનેલા માર્ગો સાંજ ઢળતા જ સુમસામ બની ગયા છે. મંત્રીઓ અને અધિકારીઓની કારના સાયરન શાંત થઈ ગયા છે. અધિકારીઓ, કર્મચારીઓ પોતાના કામકાજમાં લાગી ગયા છે. શહેરના દબાણો પાછા યથા સ્થિતિમાં આવી ગયા છે અને ટ્રાફિક પોલીસ માર્ગો પર મુકેલા નવા બેરીકેટસ પરત લેવાનું ભુલી ગઈ છે.





શહેરમાં ટ્રાફીક પોલીસે વાઈબ્રન્ટ ને પગલે ટ્રાફિક વ્યવસ્થા સાચવવા જાહેરમાર્ગો પર બેરીકેટસ મુકયા હતા વાઈબ્રન્ટ પુરી થયાને ત્રણ દિવસ થયા તેમ છતાં હજુ પણ માર્ગો વચ્ચે બેરીકેટસ અસ્તવ્યસ્ત પડયા છે જેનાથી નગરના વાહનચાલકોને વાહન લઈ પસાર થવું મુશ્કેલ બન્યું છે ત્યારે ટ્રાફીક પોલીસ આ નવા બેરીકેટસ માર્ગો પરથી દુર કરી પાછા સુરક્ષીત સ્થળે મુકી દે તો તેને ફરી જરૂર પડે ઉપયોગમાં લઈ શકાય તેવી નગરજનોની લાગણી અને માંગણી છે.

# ટુર્સમાં મોકલવાના બહાને લાખોનું ચીટીંગ કરનાર શખ્સ ઝડપાયો

## સે-૧૧માં ટ્રાન્સ હિમાલયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફીસમાં લાખો રૂપિયા ઉઘરાવી રાતોરાત ઓફીસને તાળા મારી સંચાલક ભદ્રેશ શાહ ફરાર થઈ ગયો હતો : એલસીબીએ સે-૬માંથી સંચાલકને દબોચી લીધો

ગાંધીનગર, તા.૧૬

શહેરના સે-૧૧ ખાતે ટ્રાન્સ હિમાલયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નામની ઓફીસ ચલાવતો સંચાલક ભદ્રેશ શાહ એકાદ વર્ષ પહેલા ગ્રાહકો પાસેથી ટુર્સના નામે લાખો રૂપિયા ઉઘરાવી લીધા બાદ ઓફસને તાળા મારી રફ્ફુચક્કર થઈ ગયો હતો. સે-૭ પોલીસ મથકમાં નોંધાયેલા વિશ્વાસઘાત અને છેતરપીંડીના ગુનામાં વોન્ટેડ સંચાલક ગાંધીનગર આવવાનો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ સાંજે તેને દબોચી લીધો હતો. સે-૭ પોલીસને આરોપી સોંપતા પીએસઆઈ પ્રજાપતિએ તેની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. પી.બી. ચૌહાણની એબસ્કોન્ડર સ્કવોર્ડના એએસઆઈ અશોકકુમાર તથા તેમની ટીમે ગઈ સાંજે સે-૬ રોહીદાસ મંદિર નજીકથી વિશ્વાસઘાત અને છેતરપીંડીના



ગુનાના આરોપીને પકડી પાડયો હતો. મળતી હકીકત મુજબ સે-૩-બી પ્લોટ નં. ૩૯૫/૧ ખાતે રહેતો અને સે-૧૧ ખાતે ટ્રાન્સ હિમાલયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ચલાવતો ભદ્રેશ રવિન્દ્ર શાહ એકાદ વર્ષ અગાઉ ગ્રાહકો પાસેથી ટુર્સના બહાને લાખો રૂપિયા ઉઘરાવી રાતોરાત ફરાર થઈ ગયો હતો. ઓફીસના પાટીયા પાડી દઈને ફરાર થઈ ગયેલા ભદ્રેશ શાહ સામે સે-૭ પોલીસ મથકમાં તેના જ પડોશમાં રહેતા અને છેતરપીંડીનો ભોગ બનનાર ગ્રાહક પ્રફુલચંદ્ર ચંદુલાલ મિસ્ત્રીએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસની નજરોથી નાસતો ફરતો ભદ્રેશ ગઈ કાલે ગાંધીનગર સે-૬ તરફ આવવાનો હોવાની બાતમીને આધારે એલસીબીએ વૉચ રાખીને તેને પકડી પાડયો હતો. ફરીયાદમાં થયેલા ઉલ્લેખ મુજબ ચાર વ્યકિતઓ પાસે મળીને રૂ. ૩.૭૦ લાખની છેતરપીંડી તેણે કરી છે. જો કે ૧૦થી વધુ વ્યકિતઓ આ છેતરપીંડીનો ભોગ બન્યા હોવાનું જાણવા મળ્યું છે. ભદ્રેશ શાહની છેતરપીંડીનો ભોગ બનનાર ગ્રાહકો સે-૭ પોલીસ સ્ટેશન જઈને ફરિયાદ આપી શકશે. તપાસનીશ અધિકારી પીએસઆઈ પ્રજાપતિએ તેની ધરપકડ કરી કોર્ટમાંથી રિમાન્ડ મેળવવાની તજવીજ શરુ કરી છે. તપાસમાં અન્ય છેતરપીંડી પણ બહાર આવે તેવી શકયતા છે.

# સે-૧૨ વિશ્વકર્મા મંદિર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર સે-૧૨ દ્વારા મંદિર ખાતે શ્રી રાંદલ માતાજી તથા સૂર્યનારાયણ દેવની મૂર્તિ પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમ તા. ૭ થી ૯ ફેબ્રુઆરી ૨૦૧૭ દરમિયાન યોજાનાર છે. શ્રી રાંદલ માતાજીની અખંડ જયોતનું આગમન દડવા મુકામેથી તા. ૪થી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે થશે. જે કોઈને પોતાના ઘરે જયોતની પધરામણી કરાવવી હોય તેમણે ૩૧મી જાન્યુઆરી સુધીમાં જાણ કરવા વિનંતી છે. ૭મીએ સવારે ૮ કલાકે પ્લોટ નં. ૯૬૯/૨, સે-૫-સી ખાતેથી શ્રી રાંદલ માતાજી તથા સૂર્યનારાયણ દેવની મૂર્તિ તથા જયોત સાથે જલયાત્રા, શોભાયાત્રાનું પ્રસ્થાન થશે તે વિશ્વકર્મા મંદિર સે-૧૨ ખાતે આવશે જેનું તા. ૮મીના રોજ મંદિર ખાતે વિધિવત પુજન કરવામાં આવશે તેમજ તા. ૯મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦.૫૧ કલાકે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. સાથે સાથે શ્રી વિશ્વકર્મા પ્રભુના તેરમા પાટોત્સવની પણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. પાટોત્સવમાં યજમાન થવા માટે જાણ કરવા વિનંતી છે. સર્વ ધર્મપ્રેમી જનતાને આ પ્રસંગે લાભ લેવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# શ્રમજીવી બાળકોને ઉત્તરાયણની ભેટનું વિતરણ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતનો અવાજના તંત્રી પ્રકાશભાઈ સકસેના અને દિવ્યા ફાઉન્ડેશન અને તેના સ્ટાફ દ્વારા ૩૫ શ્રમજીવી બાળકોને ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૩-૧-૨૦૧૭ને શુક્રવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે પતંગ, ફીરકી, ચશ્મા, પ્લાસ્ટીકના ચહેરા અને ચોકલેટનું વિતરણ કરાયું હતું. સાથે સાથે બાળકોમાં કપડાનું પણ વિતરણ કરાયું હતું અને સેકટર-૪ શ્રીજી કોમ્પ્લેક્ષના ફાઈનાન્સના દાતા મેહુલભાઈ પટેલ તરફથી ઉત્તરાયણ પર્વ નિમિત્તે ચીકી, મમરાના લાડુ, તલની ચીકી, ચોકલેટ, બોરનું વિતરણ કરી બાળકોમાં આનંદ ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. બાલમિત્ર ટેન્ટ એસ.ટી.પી. વર્ગના પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે સર્વે દાતાશ્રીઓનો હૃદયસ્પર્શી આભાર વ્યકત કર્યો છે.

# પેથાપુર-મહુડી રોડ પર ઈનોવાની અડફેટે સ્કુટરચાલક પ્રૌઢનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા પીંપળજ ગામમાં રહેતા આશરે ૫૫ વર્ષીય પ્રૌઢ દશરથસિંહ વાઘેલા આજે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં ડયુરો સ્કુટર લઈને નીકળ્યા હતા તે દરમિયાન મહુડી તરફથી ધસમસતી આવતી જીજે ૧૮ ડી.એફ. ૧૮૬૩ નંબરની ઈનોવાએ સ્કુટરને જબરદસ્ત ટકકર મારતા સ્કુટર સાથે દશરથસિંહ ગંભીર રીતે પટકાયા હતા. ઈજાગ્રસ્ત દશરથસિંહને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ તરફ લઈ જવાઈ રહ્યા હતા તે દરમિયાન રસ્તામાં જ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે મૃતકના દિકરા પ્રદિપસિંહની ફરિયાદને આધારે ઈનોવા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

# મંત્રી તરીકે નહિ.... પણ શિક્ષક તરીકે આવી છું : નિર્મલાબેન વાધવાણી

ગાંધીનગર, તા.૧૬

સ્ત્રીઓમાં રહેલી વાત્સલ્ય ભાવના ખૂબ જ સહજતાથી બહાર આવી જાય છે. આજે આ જ પ્રકારની વાત્સલ્ય ભાવના મહિલા- બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રીમતી ડાૅ. નિર્મલાબેન વાધવાણીમાં કલોલના નવા ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલ ગુણોત્સવ કાર્યક્રમમાં જોવા મળી હતી. સંવેદનશીલ સરકારનું દષ્ટાંત પુરું પાડતા મંત્રી શ્રીમતી ડાૅ. નિર્મલાબેન વાધવાણીએ શાળાના બાળકોનો ડ્રેસ કોડ બની રહે અને બાળકોનું ઠંડી સામે રક્ષણ થાય તે માટે ગામના અગ્રણીઓ, એસ.એમ.સીના અધ્યક્ષ- સભ્યો અને શાળાના આચાર્યશ્રીને સ્વેટર લઈ આપવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. તેમજ આ ઉમદા કામમાં જરૂર પડે તેમનો સંપર્ક કરવા પણ જણાવ્યું હતું.

કલોલ તાલુકાના નવા ગામમાં વર્ષ- ૧૯૪૭થી કાર્યરત પ્રાથમિક શાળામાં ગુણોત્સવના આરંભે શાળાના બાળકોએ શાળામાં આવતા રાજયના મંત્રીશ્રીનું કંકુ—તિલક કરીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. શાળાની દૈનિક પ્રક્રિયાનુસાર પ્રાર્થના, ધૂન, યોગ, પ્રાણયામ, સુવિચાર, સમાચાર વાંચન જેવી ક્રિયાઓ પૂર્ણ કરીને બાળકો પોતપોતાના વર્ગખંડમાં ગયા હતા.



મંત્રીશ્રીએ ગુણોત્સવમાં શાળાનું મૂલ્યાંકન મંત્રી તરીકે નહિ..... પણ એક શિક્ષક તરીકે કરવાનું પસંદ કર્યું હતું. તેઓશ્રીએ ધોરણ- ૩, ૪ અને ૫ ના વર્ગખંડમાં બાળકોના માનસપટમાં રહેલ ભય દૂર કરવા એક શિક્ષકની જેમ જ જઈ અભ્યાસનો આરંભ કર્યો હતો. વિદ્યાર્થીઓની પાસે વાંચન, ગણન અને લેખનની ચકાસણી કરી હતી. માત્ર એક થી બે કલાકના ટુંકા સમયમાં બાળકો પ્રેમાળ સ્વભાવથી મંત્રીશ્રી સાથે મુક્ત મને વાતો કરવા લાગ્યા હતા. મંત્રીએ બાળકોના સામાન્ય જ્ઞાનની ચકાસણી પણ ખૂબ જ સરળ પ્રશ્નો કરીને કરી હતી.

ધોરણ-૧ અને ૨ ના વર્ગખંડમાં મંત્રીશ્રીએ બાળકોને ખૂબ જ સરળ ભાષામાં અને પ્રેમ પૂર્વક ગણન, વાંચન અને લેખનની ક્રિયા કરાવી હતી. તેમની કાલી ગેલી ભાષામાં અમુક બાળકોના જવાબથી મંત્રી પણ મનોમન હસી પડતા હતા.

અંતમાં મંત્રીશ્રીએ શાળાની એસ.એમ.સી સભ્યો સાથે પણ બેઠક કરી હતી. શાળાના શૌચાલય, સ્વચ્છતાનું પણ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. મંત્રીશ્રીએ શાળાની નજીકમાં આવેલી નવા ગામની આંગણવાડીની પણ મુલાકાત લીધી હતી. નાના ભુલકાઓને અપાતી વિવિધ ખાધ ચીજ વસ્તુઓની ગુણવત્તાની ચકાસણી કરી હતી. ગુણોત્સવ કાર્યક્રમ પ્રસંગે કલોલ પ્રાંત અધિકારી શ્રી કે.વી. ભાલોડિયા, આઈ.સી.ડી.એસ પ્રોગ્રામ ઓફિસર શ્રી છાયાબેન ઉપાધ્યાય, શાળાના આચાર્ય શ્રી મનુભાઈ મોચી, એસ.એમ.સીના અધ્યક્ષ શ્રી જયદિપસિંહ વાઘેલા સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે ગુણોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓનું સ્વ મુલ્યાંકન

તાલુકાના ચિલોડા પ્રે સેન્ટર ખાતે ૭મા ગુણોત્સવ અંતર્ગત ગુણાત્મક સુધારણા અને ગુણવત્તાસભર શિક્ષણ સુધારણા રૂપે ધોરણ-૨ થી ૫ અને ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનું વર્ગ શિક્ષક દ્વારા સ્વ મુલ્યાંકન કસોટી દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. સ્વમુલ્યાંકનમાં વાંચન-લેખન અને ગણનની ચકાસણીનું મુલ્યાંકન કર્યું હતું. ધોરણ-૬ થી ૮ના તમામ વિદ્યાર્થીઓનું ૧૦૦ ગુણની કસોટીમાં વિષયને આવરી લેતી પ્રશ્નપત્રો આપી ઓ.એમ.આર. શીટ દ્વારા મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમયપત્રક પ્રમાણે સમુહ પ્રાર્થના, વર્ગ વ્યવસ્થા હાજરી તેમજ ૧૦૦ ગુણની કસોટી આપી મુલ્યાંકન હાથ ધરાયું હતું. આ કાર્યક્રમમાં શાળા વ્યવસ્થાપન કમિટીના અધ્યક્ષ તખ્તસિંહ ઠાકોર, શિક્ષણવિદ નટુભાઈ પટેલ તથા શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે વર્ગખંડોના તમામ વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કર્યું હતું.








પત્રકારો અને આરટીઆઈ એકિટવિસ્ટ પર થઈ રહેલા હુમલા સંદર્ભે આરટીઆઈ એકિટવિસ્ટના એક જુથે કલેકટરશ્રીને આવેનદપત્ર આપ્યું હતું અને હુમલાખોરો સામે કડક પગલાં લેવા રજુઆત કરી હતી.

# ચિલોડા આર્મી કેમ્પ ખાતે ૨૨મીએ નિવૃત સૈનિક રેલી અને મેડીકલ કેમ્પ

ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ અને ખેડાના નિવૃત્ત ભુતપુર્વ સૈનિકો માટે ગાંધીનગરમાં ચિલોડા મિલેટ્રી કેમ્પ ખાતે ૨૨મી રવિવારે ભારતીય સેના દ્વારા ભૂતપૂર્વ સૈનિક રેલી અને વિશાળ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે રેલીમાં ભુતપુર્વ સૈનિકો, શહીદોની પત્નીઓ અને વિરાંગના નારીઓનું સન્માન કરવામાં આવશે અને તેઓની તમામ સમસ્યાઓના નિકાલ માટે રેલીમાં પીસીડીએ પેન્શન અલાહાબાદ, જુદા જુદા દફતરી અધિકારીઓ, કેન્ટીન, સી.આઈ.એસ.એસ. સરકારી તિજોરી નૈવી, એરફોર્સ વેટેરન સેલના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. જયારે મેડીકલ કેમ્પમાં દરેક પ્રકારના તજજ્ઞો જેવા કે કાર્ડીઓલોજીસ્ટ, ઓર્થોપેડીક ગેસ્ટ્રોલોજીસ્ટ, યુરોલોજીસ્ટ, ગેરિયાસ્ટ્રિક, સ્ત્રી રોગ, ચામડીના રોગ, નાક-કાન ગળાના રોગ, આંખના સ્પેશ્યાલીસ્ટ, ઈસીજી તથા મોબાઈલ લેબોરેટરી, મોબાઈલ એકસ-રે, ડેન્ટલ વગેરેના નિદાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સૌ ભુતપુર્વ સૈનિકો લાભ લે તેવું અખબારી યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે ૮૩૨૦૮૪૩૬૩૨, ૮૧૦૫૮૩૫૦૯૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# વાયબ્રન્ટ બાદ ગંદકી અને દબાણો યથાવત

## વાયબ્રન્ટ સમિટની વાયબ્રન્સી પૂર્ણ થયા બાદ ગાંધીનગરમાં ગંદકી વધી અને દબાણો પણ જૈસે થે ગોઠવાઈ ગયા

ગાંધીનગર, તા.૧૬

વાયબ્રન્ટ સમિટ અને ટ્રેડ શૉનો ધમધમાટ પૂર્ણ થયો છે. આ સાથે જ નગર પુનઃ જુના કલેવરમાં આવી ગયું છે. ગંદકી અને દબાણોએ પુનઃ નગરમાં અડ્ડો જમાવી દીધો છે.

છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી વાયબ્રન્ટ ગુજરાતની તૈયારીના ભાગરૂપે શહેરના મુખ્ય માર્ગો અને અગ્રણી સેકટરોને એકદમ ચોખ્ખા ચણાક બનાવી દેવાયા હતા. જયાં ત્યાં ઉડતા પ્લાસ્ટીકના કચરાને અને અન્ય કચરાને ચોવીસ કલાક સાફ સફાઈ અભિયાન હાથ ધરી ઉપાડી લેવાયા હતા. મહાનગરપાલિકાની સફાઈની ટીમ સતત કાર્યરત રહી હતી. તેવી જ રીતે દબાણની ટીમ પણ સતત કાર્યરત રહી ગાંધીનગરની માથાના દુઃખાવા સમાન સમસ્યા એવા દબાણોને દુર કરી દેવાયા હતા. લારી ગલ્લાથી માંડીને છાપરા અને ઝુંપડપટ્ટીના દબાણોને હટાવી લેવાયા હતા. કચરો અને દબાણથી મુકત ગાંધીનગર રોશનીથી ઝળહળી ઉઠયું હતું. શહેરના માર્ગો એકદમ ચોખ્ખા થઈ ગયા હતા. વાયબ્રન્ટ ઉત્સવના ધમધમાટમાં ગાંધીનગરાઓ પણ ગેલમાં આવી ગયા હતા.

જો કે વાયબ્રન્ટ સમિટ પૂર્ણ થતા જ નગર પુનઃ જુની ઘરેડમાં આવી ગયું હોય તેવું લાગી રહ્યું છે. કચરો પુનઃ માર્ગો અને જાહેર સ્થળોએ દેખાવા લાગ્યો છે. આ સાથે જ દબાણો પણ યથાસ્થાને ખડકાવવા લાગ્યા છે. લારી ગલ્લાવાળાઓએ જુની જગ્યાએ અડીંગો જમાવી દીધો છે. તેવી જ રીતે છાપરાં પણ મુખ્ય માર્ગની આસપાસ ખડકાઈ ગયા છે. વાયબ્રન્ટ સમિટ પુરતી થયેલી સફાઈની વ્યવસ્થા ખોરવાઈ જતાં શહેરમાં પુનઃ કચરો દેખાવા લાગ્યો છે.

# હનુમાન ચાલીસાના ૧૦૮ પાઠ

ગાંધીનગર, તા.૧૬

સુંદરધામ પરિવાર દ્વારા ત્રી દિવસીય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે આજે મંગળવારથી સવારે ૯ થી ૧૨ અને બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ યોજાશે અને ભકતો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેનો લાભ લેવા સૌ નગરજનોને સુંદરધામ પરિવાર વતી હાર્દિક આમંત્રણ છે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન શંકરભાઈ વાળંદ, ઉ.વ. ૮૦
- સ્વ. રમાબા વિજયસિંહ ચાવડા, ઉ.વ. ૬૩
- સ્વ. મહેશકુમાર જીવરામદાસ પંચાલ, ઉ.વ. ૪૯